वर्ष : १५ सने : २०१९ सं.२०७५
अंक : ७, સળંગ અંક-૯૨ कारतक-नवेम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૭ कारतक/નવેમ્બર સળંગ અંક-૯૨



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ આરાધનાસૂત્ર (પયન્નો) - ૧

★ મહાનતામાં બાધક છ તત્ત્વો

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**मूर्खशिष्योपदेशेन,**

**दुष्ट-स्त्री-भरणेन च ।**

**द्विषतां संप्रयोगेण,**

**पंडितोऽप्यवसीदति ।।**

મૂર્ખ-શિષ્યને ઉપદેશ આપવાથી, દુષ્ટ સ્ત્રીના ભરણ-પોષણથી, દ્વેષીઓની સાથે વસવા કે વ્યવહાર કરવાથી પંડિત હોય તો પણ સિદાય છે.

જેની પાસે બુદ્ધિ જ નથી તેને શાસ્ત્રો પણ ઉપકાર ન કરી શકે. જેમ આંખ વગરના માણસને માટે દીવો શું ઉપકાર કરી શકે ?



## ★ આરાધનાસૂત્ર (પયન્નો) - ૧ ★★★

(વર્તમાન શાસન-તીર્થના સ્થાપક શ્રમણભગવાન શ્રી મહાવીરદેવના ૧૪૦૦૦ શિષ્યો હતા. દરેક શિષ્યોએ પ્રભુની દેશના શ્રવણમાંથી પોતાને યોગ્ય લાગ્યા તે વિષયોને લઈ એક-એક ગ્રંથની રચના કરી હતી, તેને પયન્ના (પ્રકીર્ણક) શાસ્ત્ર કહેવાય. આમાંના ઘણા પયત્ના આજે વિદ્યામાન છે. પરંતુ ૪૫ આગમમાં ૧૦ ની ગણના કરી છે.

૪૫ આગમની પૂજામાં પં.શ્રીવીરવિજયજી મ. જણાવે છે - 'આજ પયન્ના છે ઘણાં, પણ લહી એક અધિકાર, દશ પયન્ના તિણે ગણ્યા, પીસ્તાલીસ મઝાર' મતલબ, ઉપલબ્ધ પયન્નામાં ઘણા પયન્ના ગ્રંથો એવા છે કે - એક ગ્રંથમાં ઘણા વિષયો છે. પરંતુ કેટલાક પયન્ના એવા છે કે - જેમાં સળંગ એક જ વિષય-અધિકાર હોય.. આવા ૧૦ પયન્નાનો ૪૫ આગમમાં સમાવેશ કરાયો છે.

આવા પયન્નાઓમાં એક પયન્નાનું નામ છે; 'આરાધના સૂત્ર' આ પયન્ના માં દશ અધિકાર છે. આનો જ આધાર લઈ મહોપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજે ગુજરાતી ભાષામાં 'પુણ્યપ્રકાશનું સ્તવન' બનાવ્યું છે. આ સ્તવન આજે ઘણા ભાગ્યશાળીઓનાં ઘરોમાં ગોખાય છે, વંચાય છે, સ્વાધ્યાય થાય છે. અંત સમયે આ જ સ્તવનના આધારે નિર્યામણા પણ કરાવાય છે. જીવનના અંતિમ દિવસોમાં પૂ.ગુરુ ભગવંતોના શ્રીમુખે ઘણા ભાગ્યશાળીઓ આ સ્તવન સાંભળે છે. (સાથે પદ્માવતીની આરાધના પણ સંભળાવતા હોય છે.) એના આધારે તેમાં ફરમાવેલી આરાધના પણ કરાવે છે. એ દશ અધિકાર ખૂબ સુંદર છે, આત્મશુદ્ધિ માટે ખૂબ ઉપયોગી છે. કુસંસ્કારને દૂર કરવા, સુસંસ્કારોનું આત્મામાં આધાન કરવા 'પંચસૂત્ર-પ્રથમસૂત્રની જેમ આ સ્તવન પણ પ્રબળ સાધન છે. ધારદાર અને અસરકારક સામગ્રી આમાં પીરસાયેલી છે. આ સ્તવનદ્વારા પ્રાકૃતભાષાના અજાણ જીવો પર ઘણો ઉપકાર થતો રહ્યો છે. અલબત્ત, પુણ્યપ્રકાશનું સ્તવન પ્રચારમાં આવ્યું પણ તેના મૂળ ગ્રંથ સ્વરૂપ આરાધના સૂત્ર પયન્નો પ્રચાર - પ્રસારમાં નહોતો.

પ્રવર્તક શ્રીકાંતિવિજયજી મ.ના શિષ્ય મુનિરાજશ્રી ચતુરવિજયજીમ. ના પરિશ્રમથી સૌ પ્રથમ તેની હસ્તલિખિત ગ્રંથ પરથી થયેલી પ્રેસ કોપી; ભાવનગર નિવાસી શ્રુતોપાસક સુશ્રાવક કુંવરજી આણંદજીના હાથમાં આવી, આચાર્યશ્રી સોમસૂરિની આ કૃતિ છે. પરંતુ પુણ્યપ્રકાશ સ્તવનમાં જણાવ્યા પ્રમાણે - મોક્ષમાર્ગની

આરાધનાનો વિધિ ગણધર શ્રીગૌતમ સ્વામીએ શ્રમણભગવાન શ્રીમહાવીરદેવને પૂછ્યો.... જવાબમાં પ્રભુએ ૧૦ પ્રકારવાળી - અધિકારવાળી આરાધના બતાવી... તેથી આ પયન્નો સર્વજ્ઞમૂલક છે, એવું સ્પષ્ટપણે જણાય છે. એ જ કારણે વજનવાળો. વજૂદવાળો અધિકૃત ગ્રંથ છે, એ નિર્વિવાદ વાત છે.

આ ગ્રંથ અવસૂરિ સાથે પ્રાપ્ત થયો હોવાથી મૂળસૂત્રના અર્થ કરવામાં વિસંગતિ થવાની સંભાવના રહેતી નથી. સાચી આરાધના કરવાની અદમ્ય ઈચ્છાવાળા જીવોને આવા ગ્રંથોનો ખૂબ ખપ હોય છે. આવા ગ્રંથો પ્રાપ્ત થતાં આનંદિત બને છે.

પૂર્વાચાર્યોએ પણ આરાધનાનું માર્ગદર્શન આપતા આઉર પચ્ચક્ખાણ પયન્ના, સંથારગ પયન્ના, ચઉસરણ પયન્ના, મહાપચ્ચક્ખાણ પયન્ના વગેરે ઘણા ગ્રંથોની ભેટ જૈનશાસનને ધરી છે. ૨૫૫૦ કરતાં અધિક વર્ષો પછી પણ આવા ગ્રંથો આપણને સંપ્રાપ્ય થઈ રહ્યા છે... એ કારણે આપણે બડભાગી છીએ. આવા ગ્રંથોને સાચવનારા - આગળની પેઢીઓ સુધી પહોંચતાં કરવામાં જેમણે જેમણે શક્તિનો સદ્વ્યય કર્યો છે, તેઓ ધન્યવાદને પાત્ર છે. કારણ, એમના થકી જ આ વારસો આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ.

ગ્રંથોને યોગ્યરીતે લખાવવા, શુદ્ધ કરવા, છપાવવા, પ્રસારવા વગેરે કરનાર ભૂતકાળના અને વર્તમાન કાળના શ્રમણ-શ્રમણી ભગવંતોને તથા શ્રાવક શ્રાવિકા વર્ગને ધન્યવાદ આપવા ઘટે. અલબત્ત, ગ્રંથોની રચના કરનારના તો ઓવારણાં લેવાનું મન થાય છે. તેઓની એ પરમાર્થવૃત્તિને બિરદાવ્યા વગર કેમ રહેવાય ?

ગતસાલ પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુદેવ ધર્મતીર્થ પ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક, અપ્રમત્તજ્ઞાનોપાસક આ.ભ.શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની જન્મભૂમિ - મસૂરમાં, જિનાલયની શતાબ્દી પ્રસંગે લગભગ ૧૧૦ દિવસ રોકાવાનું થયું. ત્યારે પૂ.ગુરુદેવદ્વારા સંગ્રહિત થયેલ જ્ઞાનભંડારમાં નજર નાખી. એમાં 'આરાધના સૂત્ર પયન્નો' પુસ્તક હાથ લાગ્યું. લોકોપયોગી અને જરૂરી લાગવાથી એના ઉપર થોડું વિવેચન લખવાનો ભાવ દિલમાં જાગૃત થયો. ધર્મદૂતના વાચકોને પણ આ પ્રસાદી મળી રહે તે માટે હપ્તે હપ્તે આ ગ્રંથનું વિવેચન (મૂળ-ભાવાર્થ સાથે) પ્રગટ થતું રહેશે.

ચિંતન-મનન પૂર્વક આ લેખોને વાંચવા ભલામણ છે. માત્ર કથાની જેમ



વાંચી જવાની આ વસ્તુ નથી. વાગોળવાની ચીજ છે. જેમ જેમ વાગોળશો, તેમ તેમ વધુ આત્યાનંદની અનુભૂતિ થશે. પાપના અનુબંધોનો નાશ, પુણ્યના અનુબંધની પુષ્ટિ, કુસંસ્કારોનું ઉત્સર્જન અને સુસંસ્કારોનું સર્જન, પાપવૃત્તિ પર કુઠારા ઘાત, સત્કાર્યો તરફનો લગાવ, હિંસાદિ પાપો પ્રત્યે ઘૃણાનો ભાવ, પરમેષ્ઠિભગવંતો પ્રત્યે ભક્તિનો ભાવ ઊભો થશે. રોજની ધાર્મિક ક્રિયાઓ પ્રત્યે વિશેષ અહોભાવ - બહુમાનનો ભાવ પ્રગટ થશે. તેથી ક્રિયાઓ ચેતનવંતી બનશે.

પાપ પ્રત્યે હેયતાનો અને પુણ્ય-શુભક્રિયાઓ પ્રત્યે ઉપાદેયતાનો ભાવ ઉજાગર થશે. આગળ-આગળનાં ગુણોનાં સોપાન પર આત્માનું આરોહણ થશે. પરિણામ તો સ્પષ્ટ છે, સદ્ગતિ અને પરંપરાએ મુક્તિ ! દુર્ગતિને તાળાં દેવાશે, એમાં શંકાને સ્થાન નથી. ચાલો, હવે મૂળગ્રંથના માધ્યમથી જ આરાધનાઓના સ્વચ્છ-આકાશમાં ઉડ્ડયન કરીએ, અંદરના - ભીતરના આનંદને માણીએ-

- આ.વિ. ભવ્યદર્શનસૂરિ.

અવચૂરિકારનું મંગલાચરણઃ

**नत्वा तत्त्वार्थवेत्तारं, श्रीवीरं त्रिजगद्गुरुम् ।**
**आराधनाख्यसूत्रस्य, लिख्यतेऽर्थलवो मया ।।**

**ભાવાર્થ :** તત્ત્વ અને તેના અર્થના જાણકાર - જ્ઞાની એવા ત્રણ જગતના ગુરુ શ્રીવીર પ્રભુને નમસ્કાર કરીને આરાધના સૂત્ર નામના પયન્નાનો સંક્ષેપમાં અર્થ હું લખું છું.

આ અવચૂરિના રચના કરનાર કોણ છે, તેનો ઉલ્લેખ ક્યાંય નથી. તેના કર્તાએ પોતાનું નામ ક્યાંય જણાવ્યું નથી. તેથી અહીં અમે પણ નામોલ્લેખ કર્યો નથી. મંગલાચરણ એ દરેક ગ્રંથકાર - અવચૂરિકાર - ટીકાકાર વગેરે હંમેશા કરતા હોય છે. આવો શિષ્ટાચાર પણ છે. મંગલ કરવાથી વિઘ્નો દૂર થાય છે. દુરિત-પાપનો નાશ થાય છે. મંગલ કરવાથી ગ્રંથ રચના લાંબો સમય સુધી ઉપકારક બને છે. શુભાકાર્યમાં વિઘ્નનો સંભવ વિશેષ હોય છે. તેથી મંગલ કરવું જ જોઈએ.

હવે મૂલ ગ્રંથકાર મંગલાચરણ કરવા પૂર્વક ગ્રંથનો વિષય જણાવે છે.

**નમિઊણ ભણઈ એવં, ભયવં સમયોચિયં સમાઈસસુ ;**
**તત્તો વાગરઈ ગુરૂ, પજ્જંતારાહણં એએ.૧**

**ભાવાર્થ :** મન વચન-કાયાની એકાગ્રતા (શુદ્ધિ) પૂર્વક, વિધિ સહિત પરમાત્માને

(ગુરુભગવંતને) નમસ્કાર કરીને શ્રાવકાદિ અંતિમ આરાધના માટે આ પ્રમાણે કહેઃ હે ભગવાન ! હે પૂજ્ય ! અંત સમયને ઉચિત જે કરવા યોગ્ય હોય તે મને જણાવો. ત્યારબાદ ગુરુ મહારાજ નીચે પ્રમાણે (આગળ કહેવાતી) દશ પ્રકારની આરાધના ફરમાવે છે.

ગુરુભગવંતનું કાર્ય છે, ઉપદેશ-માર્ગદર્શન આપવાનું. ભવ્યાત્માઓ હંમેશા ગુરુના માર્ગદર્શનથી જ તમામ કાર્યો કરે છે. પોતાની ઇચ્છાથી કે મરજી મુજબ કાર્ય કરતા નથી. કરુણાથી ભરેલા અંતઃ કરણવાળા ગુરુ ભગવંત પણ જિનાજ્ઞાને ધ્યાનમાં રાખી, જીવને ઓળખી, તેની શક્તિ - મુજબ અને સમયાનુરૂપ માર્ગદર્શન - ઉપદેશ આપતા હોય છે. અહીં નત્વા (નમિઊણ) એ નમસ્કાર છે. તે મંગલ છે. નમસ્કાર - વંદન કર્યા વગર ગુરુ ભગવંતને કોઈ પણ પ્રશ્ન ન પૂછાય, કોઈ પણ વાતનું નિવેદન ન કરાય. પચ્ચક્ખાણ લેવું હોય, આલોચના - પ્રાયશ્ચિત્ત કરવાં હોય, ગાથા - પાઠ લેવો હોય... આ બધાં કાર્યો વંદન વગર ન કરાય.

હવે અંતિમ - પર્યંત આરાધના માટેની દશ ચીજો ગણાવે છે. મતલબ, જીવનનો અંત સમય નજીક છે, એવું લાગે ત્યારે મૃત્યુને સમાધિમય બનાવવા માટે, પરલોકને સદ્ગતિમય બનાવવા માટે, દુર્ધ્યાનથી બચવા માટે, સંસારનાં મોહબંધનો તોડવા માટે, કાષાયિક અને વૈષયિક ભાવથી મનને ઉઠાવી લેવા માટે, સંજ્ઞાઓની આંટી - ઘુંટીમાંથી છૂટવા માટે આ ૧૦ પ્રકારનો ખ્યાલ રાખવાનો છે.

આત્માને વિરાધનાથી મુક્ત બનાવી આરાધના તરફ વાળવાની આખી પ્રક્રિયા અહીં આવી જાય છે. જીવનમાં કોઈ જીવને સન્માર્ગે, આરાધના તરફ વાળવાનું કાર્ય કપરું ગણાતું હોય ત્યાં અંતસમયે, ભયંકર પીડા વચ્ચે, મમત્વભાવ છોડાવી વિરાધનાથી આરાધના તરફ વાળવાનું કાર્ય કરાવવું કેટલું દુષ્કર ગણાય ? જ્ઞાની ભગવંતોએ તે માટે જ આટલી આરાધના બતાવી. આવી સંપૂર્ણ (૧૦ પ્રકારની) આરાધના જ દુર્ધ્યાન - દુર્ગતિથી બચાવી શકે. ઘણામાંથી થોડું છોડવાનું કે દાનમાં આપવાનું હોય તોય ઉત્સાહ જાગતો નથી, મન થતું નથી. ત્યારે અંત સમયે સર્વસ્વ છોડવાની વાત આવે ત્યારે જીવ કઈ રીતે તૈયાર થાય ? સાથે દુઃખ જેને કાયમ માટે અકળાવનારું અને અળખામણું લાગતું હોય ત્યારે મૃત્યુની કાતિલ પીડા, ભયાવહ વેદના સહન કરવા જીવ ક્યાંથી તૈયારી બતાવે ? શાસ્ત્રનાં ટંકશાળી વચનો અને નિર્યામણાનાં વિધાનો જ સમાધિમાં સ્થિર બનાવી શકે. મોત સમયની સમાધિ ઉપર જ પરલોકની સદ્ગતિનો આધાર હોય છે. જીવનની સાધના ગમે



તેટલી હોય પરંતુ જો અંત સમયે સમાધિ ન રહે તો જીવ દુર્ગતિમાં ધકેલાઈ જાય છે. અંતિમ સમય જીવ માટે ઘણો મહત્ત્વનો અને સાવધાની રાખવા માટેનો છે. જેવી ગતિ તેવી મતિ ... મતિ તેવી ગતિ... આ કહેવત વજૂદવાળી છે.

જાણો, હવે એ દશ પ્રકારની આરાધના...

**आलोअसु अइयारे, वयाइं उच्चरसु खमसु जीवेसु ।**
**वोसिरसु भाविअप्पा, अट्ठारस पावठाणाइं ।।२।।**
**चउसरणं दुक्कडगरिहणं च, सुकडाणुमोयणं कुणसु ।**
**सुहभावणं अणसणं, पंचनमुक्कार - सरणं च ।।३।।**

**ભાવાર્થ :** ૧. અતિચારની આલોચના ૨. વ્રત-અણુવ્રત (કે મહાવ્રત) ઉચ્ચરવાં. ૩. તમામ જીવો સાથે ક્ષમાપના. ૪. જ્ઞાનાદિથી ભાવિત આત્માએ અઢાર પાપસ્થાનકોને છોડવાં (વોસિરાવવાં) ૫. અરિહંતાદિ ચારનાં શરણ સ્વીકારવાં. ૬. દુષ્કૃત્યોની નિંદા-ગર્હા કરવી. ૭. જિનભવનનિર્માણાદિ સત્કૃત્યોની અનુમોદના ૮. શુભભાવનાઓ ભાવવી. ૯. અંતે અનશન (આહારાદિના ત્યાગ) નો સ્વીકાર અને ૧૦. પંચપરમેષ્ઠી મહામંત્રનું સ્મરણ કરવું. આરાધનાના આ દશ અધિકાર જાણવા.

પુણ્યપ્રકાશના સ્તવનના માધ્યમથી થોડી વિચારણા કરી લઈએ.

પ્રારંભિક દુહાઓમાં જણાવે છે કે - એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ; ભવિક જીવના હિતભણી, પૂછે ગોયમસ્વામ, શાસનનાયક શ્રી મહાવીર પ્રભુને વંદન કરી, ભવ્યજીવોના હિત માટે ગણધર શ્રી ગૌતમ સ્વામી પૂછે છે; હે ભગવંત ! મુક્તિના માર્ગની આરાધના કઈ રીતે કરવી જોઈએ ? ત્યારે પ્રભુ અમૃત જેવી વાણીથી જવાબ આપતાં ઉપરના જ દશ અધિકાર જણાવે છે... તે શબ્દો વાંચો ૧. અતિચાર આલોઈએ, ૨. વ્રત ધરીએ ગુરુસાખ ૩. જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૪. વિધિશું વળી વોસિરાવીએ, પાપસ્થાન અઢાર; ૫. ચાર શરણ નિત્ય અનુસરો, ૬. નિંદો દુરિત આચાર. ૭. શુભ કરણી અનુમોદીએ, ૮. ભાવ ભલો મન આણ, ૯. અણસણ અવસર આદરી. ૧૦. નવપદ જપો સુજાણ. શુભગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર; ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવપાર, છેલ્લા દુહામાં શુભગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર... આમ કહી પરલોક તરફ અંગુલી નિર્દેશ કર્યો છે. મતલબ, પરલોકને

સુધારવા માટે, પરલોકમાં શુભ-સદ્ગતિ પામવા માટેના આ દશ અધિકાર છે, તેને દિલમાં લઈને, દિલમાં સ્થાપન કરીને એનો આદર કરો-ખપ કરો.. એનાથી સંસાર સાગરથી પાર ઊતરી જવાશે.

જીવનભર રોજ આ તમામ આરાધનાઓ તો કરવાની જ છે. પરંતુ અંત સમયે ખાસ કરવાની વાત અહીં ફરમાવી છે. જીવનભર બધી જ આરાધના કરે અને અંત સમયે જ ચૂકી જાય તો કેમ ચાલે ? આખું વર્ષ ભણ્યા પછી વિદ્યાર્થી છેલ્લી પરીક્ષામાં જ નાપાસ થાય તો ? આગળ વિકાસ ન જ સાધી શકે ! આખા વરસની મહેનત પાણીમાં ગઈ; એમ કહેવાય. જીવન માટે પણ આ જ ન્યાય વાપરવાનો છે. અંત સમય આખા જીવનના પરિણામનો છે. પરલોકનો ખરો આધાર એ છે. એના પરિણામ - રિઝલ્ટના આધારે સદ્ગતિ - દુર્ગતિ પ્રાપ્ત થાય છે. દુર્ગતિથી બચવા અને સદ્ગતિ પ્રાપ્ત કરવા ઉપરોક્ત દશ આરાધનાઓ માટે હંમેશ સજાગ રહેવું જોઈએ.

જ્યાં સુધી આત્મામાં મલિનતા છે ત્યાં સુધી આત્મા પર શુભરંગ-ધર્મનો રંગ - ગુણોનો રંગ ચઢી શકતો નથી. પાપનો રંગ અને પુણ્ય (ધર્મ) નો રંગ વિરોધાભાસી છે. તે જ રીતે ગુણ અને દોષ વિરોધાભાસી છે. તે ક્યારેય સાથે ન જ રહી શકે. તેથી જ મલિનતા અને સ્વચ્છતા કે સુંદરતા ક્યારેય સાથે ન રહી શકે. એક મ્યાનમાં બે તલવાર ક્યાં રહી શકે ? આવા જ કારણે સૌ પ્રથમ અતિચાર (દોષ-દુર્ગુણ-પાપ) ની આલોચના કરવાનું અહીં વિધાન બતાવ્યું છે. દિવાલ પર ચિત્રકામ કરવું હોય... પરંતુ દિવાલ પર રંગના પોપડા થઈ ગયા હોય, દિવાલમાં લૂણો વગેરે લાગેલો હોય તો તેના પર પેઈન્ટીંગ ન જ થઈ શકે. પહેલાં તો દિવાલ આખી સાફ કરવી પડે. પોપડા - લૂણો વગેરે કાઢવા પડે. પછી જ સુંદર પેઈન્ટીંગ થઈ શકે. એ ટકાઉ અને સુશોભિત થાય. તે જ રીતે વ્રતનો રંગ આત્મા પર ચઢાવવો હોય તો અતિચારના પોપડા કાઢવા જ પડે.

ડાઘવાળા - ધબ્બાવાળા કપડાં પહેરેલો માનવ ગમે તેટલો સારો હોય તોય ન જ શોભે, તેમ અતિચારના ડાઘ - ધબ્બાવાળાં વ્રત ક્યાંથી શોભે ? અતિચાર એ મલિનતા છે, ડાઘ છે, દોષ છે, અશુદ્ધિ છે. એ ઝેર રૂપે નુકશાન કારક પુરવાર થાય છે. અશુદ્ધ - કલંકિત આત્માને પરલોકમાં ન લઈ જવાય. તેને યથાશક્ય શુદ્ધ કરીને જ પરલોકપ્રતિ પ્રયાણ કરવું જોઈએ. જેથી મલિન - અશુભ ગતિ ન થાય.

(ક્રમશઃ) ધ



# ★ મહાનતામાં બાધક છ તત્ત્વો ★★★

- શ્રીધર્મમિત્ર

જગત અનેક વિચિત્રતાઓથી ભરેલું છે. મતલબ, જગત વિચિત્રતાઓનો ભંડાર છે. જગતમાં ડગલે ને પગલે વૈવિધ્ય અને વિરોધાભાસ જોવા મળે છે. અનેક ચિત્ર વિચિત્ર ખેલ નજરે પડે છે. કલ્પનામાંય ન હોય તેવી ઘટનાઓ સાક્ષાત્ જોવા મળતી હોય છે. આવી ઘટનાઓ સમયે સમયે બનતી જ રહે છે. જીવ અને પુદ્ગલનાં પરિવર્તનના કારણે, જીવોનાં કર્મના યોગે આવા પ્રસંગો જોવા - સાંભળવા મળ્યા જ કરે છે. જગત આખું પરિવર્તનશીલ છે. નવા - જૂનાં થવું, સ્વરૂપાંતર થવું એ તો પુદ્ગલનો ધર્મ છે. કર્મના યોગે જીવના પણ પર્યાયો બદલાતા રહે છે. તે તે કાર્યોમાં, જીવનમાં કેટલાક પ્રકારની સાવધાની રાખવાથી ઘણા અનર્થોથી બચી શકાય છે. ઘણી વાર થોડી બે - સાવધાની થવાથી મોટી ઊથલ પાથલ સર્જાય છે. હાંસી અને લઘુતા થાય છે. મહાનતા ન આવવા દેનાર કેટલાંક પરિબળો નીતિકારે તારવી આપ્યાં છે. તેમાંનાં છ પરિબળોનો વિચાર અહીં કરવો છે.

૧. બાળક સાથે મૈત્રી - બાળક સાથ મોટી વ્યક્તિએ, મહાનતા તરફ આગળ વધવાની ભાવનાવાળાએ મૈત્રી ન કરવી. બાળકને રમાડવાની ના નથી. તેને પ્રેમ આપવાની ના નથી. મિત્રતાનો સંબંધ બાંધવાની ના છે. 'છોકરાં સાથે છાશ ન પીવાય' આ કહેવત પણ આ જ કારણે પડી હોય તેવું દેખાય છે. બાળકની બુદ્ધિ બાળક જેવી જ હોવાથી તેનો હજી વિકાસ થયો હોતો નથી. બાળ બુદ્ધિવાળાની મિત્રતા ક્યારેક અનર્થકારી સાબિત થાય છે. બાળક ક્રીડાપ્રિય હોય છે. તેનામાં પરિપક્વતા નથી હોતી. રમતિયાળ સ્વભાવવાળાં બાળકો ગંભીર ન હોય. બાળક સાથે મિત્રતા બાંધનારો ગમે તેટલો ઉંમરવાળો - મોટો હોય તોય તે બાળકમાં જ ખપી જાય છે. એની ગણના બાળક તરીકે જ થાય છે. માટે બાળક સાથે મિત્રતા ન જ બંધાય, બાળકને મિત્ર ન બનાવાય. હા, બાળક બાળક સાથે મૈત્રી બાંધે તે યોગ્ય છે. કારણ, સરખી ઉંમરની વ્યક્તિ સાથે મૈત્રી બાંધવામાં દોષ નથી. બાળકોની ક્રીડા બાળકો સાથે જ હોય. મોટી ઉંમરવાળા બાળકો સાથે ક્રીડા કરે એ યોગ્ય નથી. એમાં વડીલનું માન ન સચવાય... ક્યારેક તો સ્વમાન પણ ઘવાય.. અપમાન

થાય. જેમ લાંબા સાથે ટૂંકાએ હોડમાં ન ઊતરાય તેમ ટૂંકા સાથે લાંબાએ પણ હોડ ન કરાય. 'લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય' આ કહેવત છે તેમ ટૂંકા સાથે લાંબો (નાના જોડે મોટો) જાય - હોડમાં ઊતરે તો ટૂંકો હોય તે મૂરખમાં ન ખપે પણ લાંબો હોય તે મૂરખ ગણાય. તે જ રીતે નાના સાથે મોટો જાય, મિત્ર બને તો મોટો જ મૂરખ ગણાય.

વળી, સાચો મિત્ર તો તે ગણાય કે જે આપત્તિમાં કામ આવે. નાનું બાળક આપત્તિમાં શું કરી શકે ? ન તેની પાસે બુદ્ધિ હોય કે ન બળ હોય.. શારીરિક કે માનસિક, બૌદ્ધિક કે આર્થિક વગેરે કોઈપણ જાતની શક્તિ તેની પાસે ન હોય... આવાં બધાં કારણોસર બાળક સાથે મોટી વ્યક્તિ મિત્રતા બાંધે તો તે મોટી વ્યક્તિની જ લઘુતા થાય.

મહાનતા મેળવવામાં બાધક બીજી વાત છે: **'અકારણ-નિષ્કારણ હસવું'.** મૂરખનાં સો પ્રકારમાં આ પણ એક પ્રકાર છેઃ નિષ્કારણ હાસ્ય. વાતો કરતાં કરતાં કે બોલતાં બોલતાં હસે તે પણ મૂર્ખ ગણાય છે. ક્યારેક રસ્તામાં નજર નાખતાં એવું પણ જોવા મળે કે - માણસ એકલો એકલો બબડતો હોય... બોલ બોલ કરતો હોય... આ પણ મૂરખ જ ગણાય છે.

જૈન શાસ્ત્રોમાં જણાવ્યું છે કે - જૈન સાધુએ ખડખડાટ હસવું નહીં. કારણ હોવા છતાં મોટેથી ન હસાય. સંસારી જીવોને ભલે એવો નિષેધ ન હોય. પરંતુ કારણ વગર તો ન જ હસાય. કારણ વગર હસનારની કિંમત નથી રહેતી. બુદ્ધુમાં તે ખપે છે. જો કે હસવાથી પણ 'હાસ્યમોહનીયકર્મ' બધાય છે, એમ કર્મગ્રંથોમાં જણાવ્યું છે. તેથી કર્મબંધથી બચવા માટે હસવાનું જ નથી. છતાં પ્રસંગે મંદ મંદ હસવું કે મુખમુદ્રાને પ્રસન્ન રાખવી તે જુદી ચીજ છે.

'હસે તેનું ઘર વસે' એ કહેવત બધે જ ઠેકાણે લાગું ન પડે, નહીંતર તો શોક ના પ્રસંગેય હસવાની વાત આવશે. એવું કરનાર બુદ્ધિશાળી નહિ, મૂર્ખ ગણાય છે. જગતમાં તે જ હાંસીપાત્ર થાય છે. તેની લઘુતા થાય છે. ડાહ્યા - સજ્જન માણસોને મન તેની કિંમત બાળક જેટલી પણ ગણાતી નથી. પૂછ્યા વગર સલાહ આપનારો, અકારણ બોલનારો, કારણવગર હસનારો, પોતાનું બળ તપાસ્યા વગર લડનારે... આવા બધા માનવો મૂરખની હરોળમાં ગણાય છે. આવી ચેષ્ટા કરનારો



મહાન કઈ રીતે બની શકે ?

ત્રીજા તત્ત્વ તરીકે **'ગર્દભયાન'** ની વાત મૂકી છે. અર્થાત્ ગધેડા ઉપર સવારી કરવી તે. બુદ્ધિહીન વ્યક્તિને હજામ, ગધેડા, બળદ જેવી ઉપમાઓ લોક વ્યવહારમાં અપાતી હોય છે. મતલબ, બુદ્ધિવગરના ગધેડા ઉપર મુસાફરી કરનારો ગધેડા જેવો જ ગણાય. ગધેડો ક્યારે હોં.... ચી... હોંચી... કરવા માંડે... ક્યારે જમીન પર આળોટવા માંડે ? તેનો કોઈ ભરોસો નહિ. આળોટે ત્યારે ઉપર બેઠેલાના હાલ શું થાય તે કહેવું પડે તેમ નથી. તે તેના સ્વભાવ પ્રમાણે ગમે ત્યારે ભીત વગેરે સાથે પોતાનું શરીર પણ ઘસવા માંડે... ખેતરની વાડમાંય ઘૂસી જાય... મન ફાવે ત્યારે પીઠ પર બેઠેલાને પાડી પણ નાખે... તેનો ભરોસો ક્યારેય ન કરાય. તેનો વિશ્વાસ ઠગારો નીવડે છે.

આ વાતને સમજવા માટે સાંભળેલી એક વાર્તા બોધદાયક બનશે. એક માતાએ પોતાના બાળકને સૂચના કરી કે - 'બેટા ! 'પકડેલું છોડવું નહિ' કારણ, વારંવાર આ દીકરો વસ્તુ હાથમાંથી પાડી નાખતો, વારંવાર છોડી દેતો... તેના કારણે ઘણી ચીજો તૂટીને કચરો થઈ જતી. નંદવાઈ જતી. નુકશાન ઘણું થતું.

એક વાર આ બાળકે ગધેડાનું પૂંછડું પકડ્યું ! ગધેડો તો ભાગવા માંડ્યો. બાળક એની પાછળ જમીન પર ઘસવા લાગ્યો. સજ્જનોએ આ બાળકને સમજાવ્યો. દીકરા ! આ ગધેડાનું પૂંછડું છોડ... નહીંતર તારી હાલત ખરાબ થઈ જશે. તારું શરીર છોલાઈ જશે. લોહી લુંહાણ થઈ જઈશ. મરણ પણ આવી જશે... પરંતુ એ બાળકે કોઈની સારી - સાચી વાત પણ ન સ્વીકારી... આખરે માની જ સલાહ માનનાર (સમજ્યા વગરની સલાહ માનીને અથવા એ માતાએ આપેલી સલાહનો પરમાર્થ ન સમજવાના કારણે) બાળકની શું દશા થઈ હશે; તે કહેવાની જરૂર નથી. જેમ ગધેડાનું પૂછડું પકડવાથી નુકશાન થાય. પ્રાણ પણ જાય તેમ તેના ઉપર સવારી કરવાથી પણ એવી જ સ્થિતિ થાય છે, માટે જ અહીં ગર્દભયાનનો નિષેધ કરવામાં આવ્યો છે. ગર્દભ પર સવારી કરવાથી મોટાઈ તો ન જ મળે પરંતુ લઘુતા થાય.

ચોથી વાત છે; 'અસંસ્કૃતવાણી' - અસભ્યભાષા. સભ્યભાષા વાપરનારો જેમ સજ્જન ગણાય છે, તેમ અસભ્યભાષા બોલનારો દુર્જન ગણાય છે. વાણી-

ભાષાના પ્રયોગ પરથી સાચી વ્યક્તિનાં કુળ-ગોત્ર-ગુણ-દોષનો ખ્યાલ આવી જાય છે. અસભ્ય ભાષા માનવને જ નહિ, જાનવરનેય પસંદ પડતી નથી. અંતે તો જાનવરનેય વિચારવાનું મન છે ને સાંભળવા માટે કાન પણ છે. પ્રિય-અપ્રિયનો ભેદ તેય સમજે છે. ભાષા કેવી બોલવી ? તેના જવાબમાં મિત - મધુર - પ્રિય - સત્ય - પથ્ય - હિતકારી ... વગેરે વિશેષણોવાળી ભાષા બોલવાની વાત કરી છે.

ભાષા બોલનારની વાણી પરથી તેની ખાનદાની અને સભ્યતાની જાણ થઈ જાય છે. ભાષા - વાણીના આધારે મિત્રતા બાંધવી કે ન બાંધવી તેનો પણ નિર્ણય કરી શકાય છે. ભાષાના આધારે પણ માણસ આદરપાત્ર, સન્માનને યોગ્ય બને છે. તે તે ભાષાના કાબૂવાળો માનવ હોય તો તેને 'ભાષાપ્રભુત્વ' ગુણ તરીકે ગણાય છે. કેટલાક માણસો પોતાની વણી પર કાબૂ ન રાખી શકવાના કારણે ગમે તેમ લવારી કરે, ગમે તેવાં વચનો - શબ્દો ઉચ્ચારે ત્યારે 'તેની જીભ લપસણી છે' એવું કહેવાય છે. ઘણા જીવો ભાષાના આધારે 'મહાનતા' પ્રાપ્ત કરી લે છે, ભલે પછી એ નિર્ધન હોય ! અસભ્ય ભાષાવાળાનો પડછાયો લેવાય કોઈ તૈયાર થતું નથી.

રાજદૂતો ભાષા પરથી તો શત્રુનેય જીતે છે. એવી ભાષાનો પ્રયોગ કરી શત્રુ-દુશ્મનરાજાનેય ખુશ કરી દે છે. ભાષાના પ્રયોગથી સામા માણસને શાંત પણ કરી શકાય છે. ઉત્તેજિત પણ કરી શકાય છે. ક્રોધી પણ બનાવી શકાય છે. કેટલાક સ્ત્રી - પુરુષો માત્ર ભાષાના કારણે જ આકર્ષિત થઈ જાય છે. સભ્ય ભાષા જીવનનો શણગાર છે. કડવી ભાષા છરી જેવી લાગે છે. મીઠી ભાષા અમૃત જેવી લાગે છે. સારા શબ્દો બોલનારને ઘણી વખત સામી વ્યક્તિ એમ કહે છે : 'તમારા મોંઢામાં સાકર'

ભાષાથી સોય-દોરાનું કામ થાય છે તે જ રીતે કાતરનું પણ કામ થાય છે. આ ભાષાનો પ્રભાવ છે. વાણીના ગુણ-દોષ પણ ગણાય છે. 'અદ્‌ભુત વાણીનો જાદુગર' આવું વિશેષણ ભાષાના કારણે જ પ્રાપ્ત થાય છે ને ?

ભાષારત્ન, ભાષાભૂષણ, ભાષાશાસ્ત્રી, જેવાં બિરુદો પણ અપાય છે. સારી ભાષા માટે અલંકારોનો ઉપયોગ થાય છે. તેથી વાણીને પણ શણગારી



શકાય છે. એ સંસ્કૃતવાણી ગણાય છે. વાણીના અલંકારો માટે અલંકાર શાસ્ત્ર આવે છે. મીઠી વાણીથી સામી વ્યક્તિને રીઝવી શકાય છે. માત્ર વાણીની મીઠાશથી કૈંક કાર્યો સંપન્ન થઈ જાય છે. સંસ્કૃત વાણી મહાન બનાવે છે, તો અસંસ્કૃતવાણી વાણી મહાન બનવામાં અવરોધક બને છે.

આગળના પાંચમાં ક્રમે વાત મૂકી છે : **સ્ત્રી સાથે વિવાદ ન કરવો.** સ્ત્રી સાથે વિવાદ કરનાર બુદ્ધિશાળી નથી ગણાતો. સ્ત્રી સાથે કોમળતાથી કામ લેવાય. કઠોર બનીને સ્ત્રીને વશ ન કરી શકાય. પાંચાલ નામના પંડિતે પણ લખ્યું છે. **पांचालस्त्रीषु मार्दवम्** । જે સહેલાઈથી મૃદુતાથી સ્ત્રીને વશ કરી શકાય તેટલી સહેલાઈથી બીજા માર્ગે વશ ન કરી શકાય. સ્ત્રી પ્રત્યે હંમેશા માર્દવપણું રાખવું. કઠોર બનવાથી વિવાદ-વિખવાદ થાય છે. તે વિવાદનું મૂળ તો માત્ર કઠોરતા હોઈ શકે પરંતુ ફળમાં શું શું મળે તે ખાસ વિચારવા જેવું છે. ઘરમાં પરસ્પર ક્લેશ - સંક્લેશ, કાષાયિક ભાવોની અભિવૃદ્ધિ, બંનેના માતા-પિતાદિના પરિવારમાં ઝઘડા, માત્ર બે જણના વિવાદમાં બંનેનો સંપૂર્ણ પરિવાર આ વિવાદના વંટોળમાં ફસાય છે. એ પ્રવાહમાં બીજા પણ ઘણા તણાય છે. કઠોરતાના મૂળમાંથી એ વિવાદ - કષાયોના કેટલાં ડાળી - પાંખડાં ને પાંદડાંથી લઈ કટુફળો પ્રાપ્ત થાય; એ લગભગ બધાના અનુભવોમાં દેખાય છે. અનુભવ કરેલી વ્યક્તિને ઝાઝું કહેવાનું ન જ હોય.

આ વિવાદ વકરે ત્યારે બેમાંથી એકના અથવા બંનેના આપઘાત સુધીની નોબત આવી શકે છે. એની પાછળ કેટલા જીવોની હાલત કેવી થાય એ જણાવવું પડે તેમ નથી.

વિવાદમાં જૂના-નવા કેટલાય પોપડા ઊખડતા હોય છે. પરસ્પર આક્ષેપો થાય છે. એ આક્ષેપો બંને એક - બીજાના સાસરિયાસુધી જાય છે. વિવાદના એક વિષયમાંથી ઘણાં અંગોપાંગ ફૂટે છે ! વિવાદના વિષયોમાં વધારો થાય છે. વિવાદ શમવાની જગ્યાએ એ વિવાદની આગમાં ઘી હોમાય છે. આ આગની વૃદ્ધિ ઘણાને દઝાડે છે. વળી, આ આગમાં લાકડાં - રાળ જેવાં દ્રવ્યો ઉમેરનારા ઘણા હિતેચ્છુઓ આવી જાય છે. પાડોશીઓને તમાશો જોવા મળે છે. પવનથી આગ ફેલાય તેમ આ વિવાદની આગ પણ ફેલાય છે. સ્ત્રી પ્રત્યે વાપરેલી નાની કઠોરતાનો વિચાર કરો

તો બીજ કેટલું નાનું હોય છે. પરંતુ એમાંથી વટ - વૃક્ષ થતાં વાર નથી લાગતી, આવું બને ત્યારે જિંદગી ઝેર થઈ જાય છે. ભાઈ વગેરે સાથેના વિવાદો શમાવવા આસાન છે, પત્ની સાથેનો વિવાદ જલદી શમતો નથી.

શ્લોકના ત્રીજા ચરણમાં છઠ્ઠી આઈટમ ગણાવે છેઃ **'દુર્જનસાથે મૈત્રી'** મૈત્રી હંમેશા સજ્જન સાથે જ બંધાય. દુર્જન સાથે મિત્રતા બાંધનારો દુર્જન બને છે. દુર્જન સાથેની ભાઈબંધી દુર્જનતા લાવ્યા વગર ન રહે. સજ્જન માનવને દુર્જનની સોબત અમાન્ય જ હોય. 'ઘોડા સાથે ગધેડાને ન બંધાય' આવી કહેવત શા માટે પડી ? આમાં ગધેડાએ કાંઈ ગુમાવવાનું નથી પરંતુ ઘોડાને તો ઘણું ગુમાવવાનું થાય છે. આ સોબતમાં ઘોડાની કિંમતમાં ઘટાડો થાય છે. ગધેડાની કિંમત કે આ બરુમાં કાંઈ ઘટાડો થતો નથી. તે જ રીતે દુર્જન સાથેની મિત્રતામાં દુર્જનને કાંઈ ગુમાવવાનું નથી. દુર્જનની દુર્જનતામાં કોઈ જ સુધારો થાય કે ન થાય... સજ્જનની સજ્જનતામાં બગાડો તો થાય છે. સજ્જનની સજ્જનતામાં ઝાંખપ આવે છે. સજ્જનોની નજરમાંથી આ સજ્જન હટી જાય છે. નજરમાંથી જ હટી જાય પછી હૈયામાં તો ક્યાંથી રહે ? મતલબ સજ્જનોનાં દિલમાં હવે તેનું સ્થાન રહેતું નથી.

સજ્જનો સાથેની જૂની મિત્રતામાં ઘટાડો થાય છે, તો નવા સજ્જનો સાથે મિત્રતામાં હવે વધારો થતો નથી. આપત્તિના સમયે સજ્જન જ કામ આવે છે, દુર્જન નહિ. આગળ વધીને એમ પણ કરી શકાય કે - દુર્જનો આપત્તિમાં તો કામ ન આવે એટલું જ નહિ, આપત્તિઓ ઊભી કરવાનું કાર્ય તે દુર્જનો કરે છે. સજ્જનોને હેરાન કરવાની ભાવના દુર્જનોના લોહીમાં વહેતી હોય છે. લોહી જ્યારે બગડે છે ત્યારે શરીરના ઘણા અવયવો દૂષિત બની જાય છે. મોટા ભાગના રોગોનું નિદાન બ્લડટેસ્ટથી થાય છે. દુર્જનોના લોહીમાં રહેલી દુર્ભાવનાની અસર તેના શરીરના ઘણા અંગોપાંગમાં પહોંચે છે. અરે! તેના લગભગ તમામ અંગોપાંગમાં તેનો ચેપ લાગે છે. સજ્જનતા-દુર્જનતાને રહેવાનું મુખ્ય સ્થાન દિલ-હૃદય છે. ભાવના એ દિલનો વિષય છે. હૃદય એ આખા દેહને ટકાવવાનું - સાચવવાનું કામ કરે છે. દિલની - હાર્ટની ધડકનોથી જ શરીર ટકે છે ને ? એ ધડકનોમાં ગરબડ ઊભી થાય કે ધડકનો બંધ થઈ જાય તો શરીરમાં ઘણી ખામીઓ સર્જાય છે અથવા શરીર નિશ્ચેષ્ટ બની જાય છે.



દુર્જનો સાથેની મૈત્રી મહાન બનવામાં અવરોધક બને છે. દુર્જનને ગધેડા વગેરેની ઉપમા આપવામાં આવી છે. આવા જીવોની સોબત અયોગ્ય ગણાય. ક્યારેક માનવને કલંક અપાવનારી બને તે જ રીતે દુર્જનની સોબત - મૈત્રી સજ્જન માનવને અયોગ્ય ગણાય. કલંક અપાવનાર પણ બને. આવી સોબત કરનારો સજ્જન નિંદાપાત્ર બને છે. દુર્જનના ઘણા પ્રકાર છે. તે સર્વ દુર્જનોનો સંગ વર્જવાનું વિધાન મોટાઈ ઇચ્છનાર, મહાન બનવા માંગનાર માટે છે.

ટૂંકમાં, મોટા-મહાન બનવું હોય, સજ્જનની પ્રથમ હરોળમાં નંબર લગાવવો હોય તો આ છ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. મહાન બનતા અટકાવવામાં પોતાના કેટલાક દોષો જેમ બાધક ગણાય છે, તેમ આવાં કારણો, આવી વ્યક્તિઓ પણ બાધક ગણાય છે. ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.ર તથા પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ની નિશ્રામાં બેંગલોર-બસવેશ્વરનગર-વિમલનાથ જિનાલય પરિસરમાં આરાધના - સાધનાનું પૂર ઊમટ્યું છે. એક પછી એક રેકોર્ડ થઈ રહ્યા છે.

આસો માસની શાશ્વતી ઓળીની પૂર્ણાહુતિ બાદ વ.૧ ના સમૂહ પારણાં કરાવાયાં. ઓળીવાળાની સંખ્યા બાવન હતી. ઉપરાંત રોજ-રોજ કે તિથિ વિશેષનાં આયંબિલ અલગ. ઓળીવાળાને દરેકને રૂ.૩૫૦ ની પ્રભાવના અપાઈ. ઉપરાંત એક ભાગ્યશાળી તરફથી રૂ.૬૦૦ની કિંમતના વાસણ રાખવાનાં સ્ટેન્ડની પ્રભાવના અપાઈ હતી. આ બધું જ સંઘ સ્થપાયા પછીના ૧૫ વર્ષના રેકોર્ડને આંબી ગયું ! આસો વ.૧૧ થી 'દિવાળી કલ્પ' ગ્રંથ પર પ્રવચનો ચાલું થયાં. એમાં પણ શ્રોતાઓને સારો રસ પડ્યો. આ પ્રવચનો કા.સુ.૪ સુધી ચાલું રહ્યાં.

દિવાળીના છઠ્ઠ તપ માટે પ્રેરણાં કરતાં ૪૫ ની સંખ્યામાં તપસ્વીઓ જોડાયા. દરેક તપસ્વીઓનાં સંઘમાં જ સામુદાયિકરીતે પારણાં કરાવાયાં. દરેકને રૂ.૨૦૦

ની પ્રભાવના અરાઈ. દિવાળીએ સાંજે (આ.વ.૧૪) ભગવાનના લોકોત્તર ઉપકારક ૭૨ વર્ષના આયુષ્યને ધ્યાનમાં રાખી ૭૨ દીવા - ૭૨ સાથિયા - ૭૨ નૈવેદ્ય - ૭૨ ફળની વિશિષ્ટ માંડણી સાથે સજાવટ પૂર્વક સામુદાયિક ભક્તિ કરવામાં આવી. સવાપાંચ કિલોનો નિર્વાણ મોદક તથા સવા લાખ અખંડ અક્ષતનો સાથિયો કરાયો. તે બંનેના ચઢાવા થયા. ઉપરાંત ૭૨ દીવાની આરતી કરાઈ, તેના પણ ચઢાવા થયા અંતે સંવેદના - ચૈત્યવંદનાદિ થયાં.

બેસતા વર્ષે દ્વારોદ્‌ઘાટનનો લાભ અશોકભાઈ દેવચંદ સાવલા પરિવારે ચઢાવો બોલીને લીધો. સામુહિક ચૈત્યવંદનાદિ કરી, માંગલિક શ્રાવણ (૭ સ્મરણ + ગૌતમ સ્વામીનો રાસ) કરાવ્યું. બેસતા વર્ષે લગભગ ૧૩ થી ૧૪ ભાગ્યશાળીઓની ચાતુર્માસ પરિવર્તનનો લાભ આપવા માટે વિનંતિ આવી ! તેમાંથી વિજયભાઈ દલીચંદભાઈ દોશીની વિનંતિ સ્વીકારી, જ્ઞાનપંચમીએ 'રજા' આપી. જિનાલયમાં સવારે ૧૦-૦૦ કલાકે શ્રી ગૌતમસ્વામી પૂજન થયું. (તેઓશ્રીના કેવલજ્ઞાન પ્રાપ્તિ નિમિત્તે)

જ્ઞાનપંચમી (કા.સુ.૫. તા.૧-૧૧-૧૯) ના દિવસે સવારે ૯-૦૦ કલાકે પ્રવચન થયું. ત્યારબાદ સામુદાયિક જ્ઞાનપંચમીનાં દેવવંદન કરાવાયાં. જોત-જોતામાં તો દિવસો ઝડપથી પૂરા થતાં હોય તેવું લાગ્યું.

સંઘના ટ્રસ્ટી છગનભાઈ રામજી ખીમસિયા પરિવાર તરફથી લઘુ શાંતિસ્નાત્ર સહ ત્રિદિવસીય મહોત્સવ કા.સુ.૧૧-૧૨-૧૩ તા.૮-૯-૧૦ નવેમ્બર શુક્ર-શનિ-રવિમાં ગોઠવાયો.

પહેલે દિવસે કુંભસ્થાપનાદિ, બીજે દિવસે નવગ્રહાદિ પાટલા પૂજન, ત્રીજે દિવસે શાંતિસ્નાત્ર ભણાવાયું. રોજ પ્રભાવના અપાતી હતી. અંગરરચના થતી. ત્રીજા દિવસે પૂજનબાદ સંઘસાધર્મિક વાત્સલ્ય થયેલ. લગભગ ૭૦૦ ભાગ્યશાળીઓએ લાભ આપ્યો. શરૂઆતના બે દિવસ તો પ્રવચનો ચાલુ હતાં. પ્રવચનોમાં પણ આખા ચોમાસામાં અલગ અલગ ભાગ્યશાળીઓ તરફથી પ્રભાવના અપાતી હતી. આખા ચોમાસામાં ૨-૩ દિવસમાં જ સંઘતરફથી પ્રભાવના



અપાઈ. મહોત્સવમાં વિધિ-વિધાન સ્થાનિક ગુરુજી જસવંતભાઈએ કરાવેલ. પૂજ્યશ્રીએ શાસ્ત્રીય માર્ગદર્શન આપેલ.

ચોમાસામાં બહારગામથી ઘણા મહેમાનો પધાર્યા હતા. ચારે મહિના શ્રીસંઘ તરફથી રસોડું ચાલું હતું. રહેવા માટે હાલારી વીશાઓસવાલ કોમ્પ્યુનિટી વાળાએ રૂમો નિઃશુલ્ક આપી હતી. ક્યારેક જરૂર ઊભી થઈ તો ગાયત્રી કાર્યાલયવાળાએ (અજૈન હોવા છતાં) નિઃશુલ્ક રૂમો આપી હતી. પ્રતિક્રમણમાં રોજ પુરુષોની સંખ્યા પણ નોંધપાત્ર રહેતી.

કા.સુ.૧૪ (ચોમાસી) થયા બાદ કાર્તિક પૂર્ણિમાએ સવારે ૫/૫૦ કલાકે પટ જુહારવાની ક્રિયા થયા બાદ ચાતુર્માસ પરિવર્તન યાત્રાનો પ્રારંભ થયો. વાજતે-ગાજતે લગભગ પોણા બે કિલોમીટર દૂર વિજયભાઈ દોશીને ત્યાં પધાર્યા. રસ્તામાં ઘણા ભાગ્યશાળીઓએ ગહુંલીથી - અક્ષતાદિથી વધાવ્યા. ત્યાં પહોંચતાં જ ભાગ્યશાળીઓ ખૂબ નાચ્યા, ગહુંલી-કુંભવગેરેનાં શુકન આપ્યા. લગભગ ૧ કલાક ઉપર પ્રવચન થયું. તેમાં ચાતુર્માસ પરિવર્તન-સિદ્ધગિરિની યાત્રાનો આજનો મહિમા તથા કાલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીના પ્રસંગોનું વર્ણન કરતાં શ્રોતાઓ કરુણ અને વૈરાગ્ય રસથી ભીંજાયા. બપોરે પરિવારના તથા તેમના સગા-સંબંધી જે આવેલા, તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો ગુરુભગવંતે આપ્યા.

વ.૨. તા.૧૪-૧૧-૧૯ ગુરુવારે સવારે મહેન્દ્રભાઈ સાંકળચંદજી પટવારીને ત્યાં (એમની પણ ચાતુર્માસ પરિવર્તનની વિનંતી હતી, તે ન મળતાં) વાજતે - ગાજતે ચતુર્વિધ સંઘ સાથે પૂજ્યશ્રી પધાર્યા. ત્યાં ૧ કલાક પ્રવચન થયા બાદ સર્વની નવકારશીથી ભક્તિ કરાઈ. ઉપરાંત ૧ શ્રીફળ - ગોળ વગેરેની પ્રભાવના અપાઈ.

તે જ રીતે વ.૩. તા.૧૫-૧૧-૧૯ શુક્રવારે સવારે જયેશભાઈ ઝવેરચંદ ગલૈયા પરિવાર (તેમની પણ ચતુર્માસ પરિવર્તનની વિનંતિ હતી) ને ત્યાં વાજતે-ગાજતે ચતુર્વિધ સંઘ સાથે તેમના નિવાસ સ્થાને પધાર્યા. ત્યાં પ્રવચન-પ્રભાવના - નવકારશીથી ભક્તિ કરાઈ હતી.

(ક્રમશઃ) ધ

# મૂર્ખનાં છ લક્ષણો

**मूर्खचिह्नानि षडिति, गर्वो दुर्वचनं मुखे ।**
**विरोधि विषवादी च, कृत्याकृत्यं न मन्यते ।।**

૧. અભિમાન - અક્કડતા ૨. મુખમાં ગાળ વગેરે અશુભ શબ્દો-વચનો, ૩. વિરોધીપણું ૪. વિખવાદ - વાત વાતમાં ખટરાગ ૫. કૃત્યનું ભાન નહિ અને ૬. અકૃત્યનું પણ ભાન નહિ; આ છ લક્ષણોથી મૂર્ખ ઓળખાય છે.